# ભારતીય જનતા પક્ષ

11, અશોક રોડ, નવી દિલ્હી-110 001

## સંસદમાં રાષ્ટ્રપતિના વક્તવ્ય વિશે ભાજપના ભૂતપૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ અને સાંસદ શ્રી એમ.વેંકૈયા નાયડુની પ્રતિક્રિયા

નવી દિલ્હી, તા. 21 ફેબ્રુઆરી, 2013

રાષ્ટ્રપતિએ સંસદમાં આપેલું વક્તવ્ય સંપૂર્ણપણે નિરાશાજનક, દિશાવિહિન અને બિનપ્રેરણાસ્પદ છે. તેમાં દેશ સમક્ષના પડકારો - ખાસ કરીને વ્યાપક ભ્રષ્ટાચાર, બેફામ ફુગાવો, કૃષિક્ષેત્રે સંકટ, ખેડૂતોની આત્મહત્યા, વધતી જતી બેકારી વગેરેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સરકાર તે સમસ્યાઓ હલ કરવા કોઈ નક્કર ભાવિ યોજના રજૂ કરવામાં નાકામિયાબ રહી છે.

રાષ્ટ્રપતિના વક્તવ્યમાં ગંભીર આર્થિક સંકટનો માત્ર ઉલ્લેખ જ કર્યો, પણ તેને હલ કરવા માટેના સૂચિત પગલાંઓની જાણકારી તેમણે આપી નથી. નાણાકીય ખાધ 5.5 ટકાને આંબી રહી છે અને કુલ રાષ્ટ્રીય ઉપજ(જીડીપી) ઘટીને પાંચ ટકા થઈ ગયો છે. સરકાર આ બધી બાબતોમાં દિશાવિહિન છે અને એટલે જ રાષ્ટ્રપતિનું વક્તવ્ય નિસ્તેજ રહ્યું.

સેન્ટ્રલ હૉલમાં રાષ્ટ્રપતિનું વક્તવ્ય ખુબ જ નિરાશાજનક રહ્યું અને તેના માટે શાસક પક્ષની જવાબદારી રહે છે. શાસક પક્ષોના ગઠબંધનમાં સહભાગી અમુક પક્ષોના સભ્યો હાથમાં પ્લે કાર્ડ લઈને સૂત્રો પોકારતા જોવા મળ્યા. તેઓએ રાષ્ટ્રપતિના વક્તવ્યનો વિરોધ કર્યો તે બાબત અભૂતપૂર્વ હતી. યુપીએમાં બધું બરાબર નથી, એવા વિપક્ષોના આક્ષેપને આ દૃશ્યોથી સમર્થન મળ્યું. યુપીએ અને કોંગ્રેસ પક્ષ એ જાણતા નથી કે ગઠબંધનની સરકાર કેવી રીતે ચાલી શકે અને દેશની સત્તા કેવી રીતે ચલાવી શકાય.